# અલંકારશાસ્ત્રની રસ-મીમાંસા

જય ઓઝા
સંસ્કૃત શિક્ષક, દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર

## ૧. પ્રસ્તાવના

સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને નાટ્યશાસ્ત્રમાં રસ-સિદ્ધાંત સૌથી પ્રાચીન અને સનાતન સિદ્ધાંત છે. ભરતમુનિએ નાટ્યરસની સ્થાપના કરી અને રસસૂત્ર તથા રસવિચાર નિરુપ્પા ત્યારથી કોઈ આચાર્ય રસની અવજ્ઞા કરી શક્યો નથી. રસ કોઈને કોઈ સ્વરૂપે સર્વ સિદ્ધાંતોમાં અનુસ્યૂત હોય છે; અભિનવગુપ્તનો રસવિચાર એ ભારતીય કાવ્યશાસ્ત્રનું ઉત્તંગ શિખર છે.[1]

કરુણરસની સરસતા અને આનંદક્ષમતા, શૃંગારનું રસરાજત્વ, વીર-રોદ્ર-રસનો ભેદ, શાંતરસની ગંભીરતા, આદિ વિશે સતત વાદ-વિવાદ ચાલ્યા કર્યો છે.

## ૨. ભરતમુનિ અને રસ

નાટ્યશાસ્ત્રના રચયિતા ભરતે કહ્યું છે કે નાટકમાં રસ વિના કોઈ અર્થ પ્રવર્તતો નથી.[2] રસ નાટકનું કેન્દ્રીય તત્ત્વ છે, અનિવાર્ય અંગ છે. નાટકથી ભાવકના ચિત્તમાં રસ નિષ્પન્ન થવો જોઈએ. ‘નાટ્યશાસ્ત્ર’ના છઠ્ઠા-સાતમાં પ્રકરણાં રસ અને ભાવની ચર્ચા થઈ છે. ભરતે આઠ રસ, સ્થાયી ભાવો, વિભાવો, અનુભાવો, વ્યભિચારી ભાવો, સાત્ત્વિક ભાવ, રસોના વર્ણ, દેવતા અને પ્રકારોની પણ ચર્ચા કરી છે. ‘નાટ્યશાસ્ત્ર’ અંતર્ગત ‘રસશાસ્ત્ર’ આપ્યું છે.

## ૩. મૂળ રસ

ભરતે નાટકના આઠ રસ ગણાવ્યા છે. એમાં તે મૂળ રસ તો 4 જ કહે છે. (1) શૃંગાર(2)રૌદ્ર(3)વીર અને (4) બિભત્સ. આ ચાર મૂળ રસોમાંથી બીજા ચાર રસો ઉદ્ભવે છે. જેમકે શૃંગારમાંથી હાસ્ય, રૌદ્રમાંથી કરુણ, વીરમાંથી અદ્ભૂત અને બિભત્સમાંથી ભયાનક રસ ઉત્પન્ન થાય છે. આ રસો વચ્ચે કાર્યકારણ સંબંધ છે, એકમાંથી અન્ય ઉદ્ભવે છે.

## ૪. રસભેદ

નાટ્યચાર્ય ભરતે રસના ભેદ પણ દર્શાવ્યા છે. શૃંગારના બે પ્રકાર છે.
(1) સંભોગ શૃંગાર(2) વિપ્રલંભ શૃંગાર
વીર રસના ત્રણ ભેદ છે.
(1) દાનવીર(2) યુદ્ધવીર(3) ધર્મવીર
હાસ્ય રસના બે ભેદ છે.

---

1 ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચાર પરંપરાઓ – પ્રો. તપસ્વી નાન્દી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ – 1972.

2 NATYASASTRA of Bharatmuni – Edited by – M. Ramkrishna Kavi and J.S. Pande, Oriental Institute, Baroad-1964.

(1) આત્મસ્થ(2) પરસ્થ
અદ્ભુતના
(1) દિવ્ય
(2) આનંદજ બે ભેદ. આ સિવાય અમુક ભેદ છે જે પ્રચલિત થયા નથી.

**૫. ભાવ**

આચાર્ય ભરતે રસના ભાવોમાં 8 સ્થાયીભાવ, 33 સંચારીભાવ અને 8 સાત્ત્વિક ભાવ એમ કુલ 49 ભાવ ગણાવ્યા છે. આઠ સ્થાયી ભાવમાં 8 રસ નિષ્પન્ન થાય છે.

**૬. ભાવરસ**

(1) રતિ-શૃંગાર (5) ક્રોધ રૌદ્ર
(૨) હાસ હાસ્ય (6) ભય ભયાનક
(3) શોક કરુણ (7) જુગુપ્સા બિભત્સ
(4) ઉત્સાહ વીર (8) વિસ્મય અદ્ભુત
આચાર્ય ભરત માનસિક આવેગોને જ ભાવ કહે છે.

**"कवेः अन्तर्गत भावं भावयन् भाव उच्यते ।"[3]**

**"भावयन्ति इति भावः । किं भावयन्ति ? वागङ्गासत्वोपेतान काव्यार्थान् भावयन्ति इति भावाः ।"**

વાણી અંગ અને સત્ત્વના અભિનય દ્વારા કાવ્યાર્થનું ભાવન કરાવે તે ભાવ કહેવાય છે.[4]

આ ભાવો અને રસોનો સંબંધ એ કાર્યકારણ સંબંધ છે. ભાવોમાંથી રસો ઉદ્ભવે છે, સ્થાયી ભાવોમાંથી રસો નિષ્પન્ન થાય છે. સ્થાયી ભાવો મુખ્ય અને સતત છે, તેમને ગૌણ, સંચારી કે વ્યભિચારી ભાવો પુષ્ટ કરે છે. તેમાં અનુભાવો ને સાત્ત્વિકભાવો મદદરૂપ થાય છે, એટલે સ્થાયી ભાવો રસત્વને પામે છે. ભાવોને જગાનવાર છે, વિભાવો. વિભાવ એટલે નિમિત્ત, કારણ એથી સ્થાયીભાવો જાગે, તેને સંચારી ભાવો ને સાત્ત્વિક ભાવો સહાય કરે, અનુભાવો તેનો અભિનય કરે એટલે સ્થાયી ભાવોને ઉત્કર્ષ થાય ને તે રસરૂપ પામે છે, રસ નિષ્પત્તિ થાય, એટલે ભરતનું સૂત્ર છે.

**"विभावनुंभावव्यभिचारीसंयोगाद्ररसनिष्पतिः ।"** વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોના સંયોગથી રસની નિષ્પત્તિ થાય છે.

**૭. રસનાં અંગ**

સ્થાયી ભાવોના વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવો સાથેના સંયોગથી રસનિરૂપણ થાય છે. આ રસના અંગો છે : (1) સ્થાયી ભાવ (2) વિભાવ (3) અનુભાવ (4) વ્યભિચારી ભાવ.[5]

---

3 संस्कृत काव्यशास्त्र का इतिहास-पी.वी.काणे, अनुवादक - डॉ. इन्द्रचंद्र शास्त्री, प्रकाशक – मोतीलाल बनारसीदास – वाराणसी, प्रथम संस्करण – 1966, पृ. 441

4 वागङ्गमुखरागेण सत्तवेनाभिनयेन च ।
कवैः अन्तर्गतं भावं भावयान् भाव उच्यते ।।2।। भरत का नाट्यशास्त्र (भाग-1) संपादक - रघुवंश, प्रकाशक - मोतीलाल बनारसीदास, वाराणसी, प्रथम संस्करण, 1964.

### ૭.૧ સ્થાયીભાવ

પ્રેક્ષક અથવા વાચકના ચિત્તમાં કે અંતઃકરણાં જે મનોભાવો સદા વિદ્યમાન હોય છે, અને અન્ય કોઈ વિરુદ્ધ કે અવિરુદ્ધ ભાવથી દબાતો નથી તે **સ્થાયીભાવ** કહેવાય છે.

આચાર્ય ભરત કહે છે કે જેમ માણસોમાં રાજા મુખ્ય છે તેમ ભાવોમાં સ્થાયીભાવ મુખ્ય છે. અન્ય ભાવો તો સ્થાયીભાવોના સેવક છે. સ્થાયીભાવો માણસના કે ભાવકના ચિત્તમાં પ્રધાનરૂપે અને સતત હોય છે. સ્થાયીભાવો આઠ છે : રતિ, હાસ, શોક, ઉત્સાહ, ક્રોધ, ભય, જુગુપ્સા અને વિસ્મય.[6]

જેવી રીતે માટીમાં સદાય ગંધ રહે છે, તેવી રીતે ભાવકના ચિત્તમાં સ્થાયીભાવ સદાય વિદ્યમાન રહે છે. માટીમાં પૂર્વ વિદ્યમાન ગંધને પાણીનો (સંયોગ) થતાં માટીની સુગંધ પ્રગટ થાય છે, તેમ ચિત્તના સ્થાયી ભાવને વિભાવ આદિનો સંયોગ થતાં જે તે અભિવ્યક્તિ થાય છે.

'સાહિત્યદર્પણ'કાર આચાર્ય વિશ્વનાથ સ્થાયીભાવો કઈ રીતે રસરૂપે પરિણમે છે તે સમજાવવા દૂધનું દૃષ્ટાંત આપે છે, દૂધમાં મેળવણ ઉમેરવાથી કાલાંતરે દૂધ દહીંરૂપે પામે છે. તેમ સ્થાયી ભાવને વિભાવાદિનો સંયોગ થતા તે રસરૂપે પરિણે છે. રસ સ્થાયીભાવની ઉચ્ચ પરિણતિ છે.

### ૭.૨ વિભાવ

વિશ્વનાથા કહે છે કે – **'रत्याद्युबोधका लोके विभावाः काव्यानाट्योः ।'** લોકમાં રતિ આદિ સ્થાયી ભાવોના ઉદ્બોધકો જ કાવ્ય નાટકના વિભાવો છે. વિભાવ એટલ કારણ નિમિત્ત. વિભાવ લોકોના હૃદયમાં સ્થાયી ભાવરૂપે સદા વિદ્યમાન રતિ, હાસ, ક્રોધ આદિ ભાવોને જાગ્રત કરે છે.[7]

વિભાવના બે પ્રકાર છે : (1) આલંબન વિભાવ (2) ઉદ્દીપન વિભાવ.

### ૭.૩ અનુભાવ

રતિ આદિ સ્થાયી ભાવોને પ્રકટ કરનારી આશ્રયની બાહ્ય ચેષ્ટાઓ તે અનુભાવ **भावं अनु अनुभावः ।** જે ભાવો પછી આવે, ભાવને અનુસરે તે અનુભાવ.[8]

**अनुभावयन्ति इति अनुभावाः ।** જે અનુભવ કરાવે તે અનુભાવ.

આલંબનરૂપ પાત્રની બાહ્ય ચેષ્ટાઓ ઉદ્દીપન વિભાવ કહેવાય છે, તો આશ્રયરૂપ પાત્રોની બાહ્ય ચેષ્ટાઓ અનુભાવ કહેવાય, અનુભાવ એ ભાવોનું પરિણામ કે કાર્ય છે.

---

5 भारतीय साहित्यशास्त्र, पृ, 332, लेखक – गणेश त्र्यंबक देशपांडे, प्रकाशक – पोप्युलर बुक डेपो, बंबई, प्रथम संस्करण – 1960.

6 रतिर्हासश्च शोकश्च कोधोत्साहौ भयं तथा । जुगप्सा विस्मयश्चेति स्थायिभावाः प्रकीर्तिताः ।।18।।
भरत का नाट्यशास्त्र (भभाग-1), षष्ठ अध्याय, संपादक - रघुवंश, प्रकाशक - मोतीलाल बनारसीदास, वाराणसी, पृ.269 प्रथम संस्करण, 1964.

7 साहित्यदर्पणः प्रकाशक – श्री विश्वनाथ कविराज – श्री दुर्गाप्रसाद द्विवेदी, मुद्रण – मुम्बयां निर्णयसागर मुद्रणालय, तृतीय संस्करण – 1915 पृ. 91

8 भरत का नाट्यशास्त्र – भरत का नाट्यशास्त्र (भाग-1), संपादक – रघुवंश, प्रकाशक-मोतीलाल बनारसीदास, वाराणसी, पृ.411 प्रथम संस्करण, 1964.

દા.ત. શકુંતલાના આલંબનનો પ્રતિભાવ જાણ્યા પછી દુષ્યંત પ્રેમનો ભાવ અનુભવે છે, તે તેથી તેને દાખવતી જે બાહ્ય ચેષ્ટાઓ કરે છ તે વિરહ, વ્યાકુળતા વગેરે અનુભાવો છે. લક્ષ્મણના કટાક્ષથી ઉત્તેજિત પરશુરામ કઠોર વેણ કાઢે ને પરશુ ઉગામે તે અનુભાવો છે.[9]

પોત-પોતાના કારણોથી ઉદ્‌બુદ્‌ધ ભાવોનો બહિર્ભાવ કરનાર, બાહ્ય પ્રાગટ્ય કરનાર ચેષ્ટાઓ તે અનુભાવ. લોકોમાં જે કાર્ય પરિણામ કહેવાય છે તે કાવ્ય નાટકમાં અનુભાવો કહેવાય.

### *૭.૪ સંચારીભાવ*

ચિત્તના સ્થાયી કે ચંચળ મનોભાવ કે વૃત્તિઓ સંચારી કે વ્યભિચારી ભાવ કહેવાય છે. સંચારી ભાવ એટલે સ્થાયીભાવોના સહાયક ભાવો તે કૃતિમાં સંચરે છે, સાથે સાથે ચાલે છે, અને સદા સંચરણશીલ હોય છે. તે કૃતિમાં આવે છે ને પોતાની ભૂમિકા ભજવી અદૃશ્ય થઈ જાય છે, સતત સ્થાયી રહેતા નથી, અસ્થાયી છે, કામચલાઉ છે. સ્થાયીભાવ પાણી છે, તો સંચારી ભાવો તેમનો તરંગ છે.

સંચારીભાવોનું બીજું નામ છે, વ્યભિચારી ભાવો. વિશ્વનાથ વ્યાખ્યા આપે છે કે - **विशेषादाभिमुखेन चरणाद् व्यभिचारिणः ।** વિશેષતઃ અભિમુખ થઈ સંચરે છે માટે વ્યભિચારી.[10]

33 સંચારીભાવો ગણનાપાત્ર છે : (1) નિર્વેદ (2) ગ્લાનિ (3) શંકા (4) અસૂયા (5) મદ (6) શ્રમ (7) આલસ્ય (8) દીનતા (9) ચિંતા (10) મોહ (11) સ્મૃતિ (12) ધૃતિ (13) વ્રીડા (લજ્જા) (14) ચાપલ્ય (15) હર્ષ (16) આવેગ (17) જડતા (18) ગર્વ (19) વિષાદ (20) ઔત્સુક્ય (21) નિદ્રા (22) અપસ્માર (23) સવપ્ન (24) વિબોધ (25) અવમાર્ષ (26) અવહિત્થ (27) ઉગ્રતા (28) મતિ (29) વ્યાધિ (30) ઉન્માદ (31) મરણ (32) ત્રાસ (33) વિતર્ક.[11]

### ૮. રસ – સ્વરૂપ

રસ અલૌલિક છે એમ કહેવાયું છે, અખંડ અને આનંદમટ કહેવાયો છે. અહીં વિશ્વનાથે દર્શાવેલ લક્ષણો દર્શાવ્યા છે.

- રસ અખંડ છે. વિભાવાદિ ભિન્ન કે ખંડ- અખંડ હોવા છતાં અને વિભાવાદિ એક પછી એક આવતા હોવા છતાં, રસ તો એક અને અખંડરૂપે જ છે. રસમાં ખંડ કે ભેદ નથી.
- રસ સ્વપ્રકાશ છે.

---

9 उद्‌बुद्धं कारणैः स्वैः स्वैर्बहिर्भावं प्रकाशयन् । लोके यः कार्यरूपः सोऽनुभावः काव्यनाट्ययोः ।। - साहित्यदर्पण – 3-132.3, प्रकाशक, मुद्रक श्री विश्वनाथ कविराज, श्री दुर्गाप्रसाद द्विवेदी, तृतीय संस्करण – मुम्बच्यां निर्णयसागर मुद्रणालय, 1915.

10 साहित्यदर्पण : प्रकाशक – श्री विश्वनाथ कविराज – श्री दुर्गाप्रसाद द्विवेदी, मुद्रण – मुम्बयां निर्णयसागर मद्रणालय, तृतीय संस्करण – 1575.

11 भरत का नाट्यशास्त्र (भाग-1), सप्तम अध्याय, संपादक – रघुवंश, प्रकाशक – मोतीलाल बनारस, वाराणसी, पृ. 435 प्रथम संस्करण, 1964.